સંપાદકીય

ઘાયલોને મફત સારવાર

ગુજરાતની રૂપાણી સરકારે બહુ સારો અને આશીર્વાદરૂપ નિર્ણય કર્યો છે. ગુજરાતમાં ક્યાંય પણ રોડ અકસ્માત થાય તો ઘાયલોને ૪૮ કલાક સુધી મફત સારવાર મળે એવી જાહેરાત થઇ છે એ આવકાર્ય છે. સૌથી મહત્વની વાત એ છે કે, ઘાયલોને સારવાર કોઈ પણ હોસ્પિટલમાં અમલી શકશે. એમાં ખાનગી હોસ્પિટલ પણ બાધ રાખવામાં આવી નથી. આ નિર્ણયથી એક પ્રકારે ગુજરાતની છ કરોડની જનતાને અકસ્માત વીમો મળી ગયો છે. અને સૌથી મહત્વની વાત એ છે કે, રૂ. ૫૦,૦૦૦ સુધીની સારવાર વિના મુલ્યે મળશે. ગુજરાતમાં અકસ્માતનું પ્રમાણ ખાસ્સું છે. સરકારી આંકડા મુજબ રાજ્યમાં સરેરાશ ૨૯૦૦૦ અકસ્માતો થાય છે અને એમાં ૬૪૦૦ લોકો મૃત્યુ પામે છે અને ઘાયલ થાય અને શરીરમાં ખોડ રહી જાય એ સંખ્યા તો અલગ. ઘાયલોને તાત્કાલિક સારવાર મળે તો જીવન બચી જાય છે. મોટાભાગના કિસ્સામાં તાત્કાલિક સારવાર ના મળવાથી મૃત્યુના કિસ્સા વધે છે. અકસ્માત ક્યાંય પણ થાય નજીકની સરકારી કે ખાનગી હોસ્પિટલમાં હવે ઘાયલને સારવાર મળશે એટલે અકસ્માતમાં મૃત્યુ આંક ઘટી જશે. અને આ સારવારમાં સામાન્ય ડ્રાસિંગથી માંડી માથાની ઈજાની સારવાર અને ઓપરેશનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અને કોઈ ઘાયલ પાસે કોઈ બીલ માગવામાં આવશે નહિ. જે તે જીલ્લા આરોગ્ય અધિકારી પાસે હોસ્પીટલે બીલ મોકલવાનું રહેશે અને એ ચુકવણું કરશે. કદાચ આખા ભારતમાં આવી યોજના જાહેર કરવામાં ગુજરાત પહેલું રાજ્ય છે. સામાન્ય રીતે અકસ્માતમાં મૃત્યુ પામનારને સરકાર સહાય આપે છે અને ઘાયલોને સારવાર માટે સહાય કરે છે પણ ઘાયલોને મફત સારવાર આપી એમની જિંદગી બચાવી લેવાની આ યોજના લોકપયોગી છે. એ માટે રૂપાણી સરકાર અભિનંદનની અધિકારી છે. સરકારે અગાઉ માં અમૃતમ યોજના તળે પણ ગરીબોને ઘાતક બીમારીમાં સારવાર મળે એવી વ્યવસ્થા કરી જ છે. અને છેલ્લે સીનીયર સીટીઝનને પણ આ યોજનાનો લાભ મળે એવી જાહેરાત કરી હતી. પણ ઘાયલને ૪૮ કલાક સુધી રૂ. ૫૦,૦૦૦ સુધીની સારવાર વિનામૂલ્યે આપવાની યોજના નૂતન છે. અને રાજ્યમાં અકસ્માત થયો હોય અને એ બહારના રાજ્યનો હોય કે વિદેશી હોય એ બધાને આ યોજનામાં આવરી લેવાયા છે. અને ઘાયલ માટે આવક મર્યાદા બાંધવામાં નથી. એટલે કે દરેકને સારવાર મળી શકશે.

યુ.બી.આર.એ.એફ.ના પ્રોજેકટ થકી ગુજરાતને એચ.આઈ.વી. મુક્ત બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર : નીતિનભાઈ પટેલ

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું છે કે, એચ.આઇ.વી.ને ડામવા માટે વિશ્વ કક્ષાની સાત સંસ્થાઓ અને ગુજરાત સરકાર દ્વારા યુ.બી.આર.એ.એફ. ના પાયલોટ પ્રોજેક્ટ થકી ગુજરાતને એચ.આઇ.વી. મુક્ત બનાવવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. જનજાગૃતિ થકી જેમ પોલીયો મુક્ત ભારતનું નિર્માણ થયું છે તે જ રીતે એચ.આઇ.વી. મુકત ભારત નિર્માણમાં પણ ગુજરાત અગ્રીમ ભૂમિકા દાખવશે.

યુ.એન.એઇડ્સ અને ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા એચ.આઇ.વી/એઇડ્સ નિયંત્રણને સુદ્ધઢ કરવા માટેના પાયલોટ પ્રોજેકટ યુ.બી.આર.એ.એફનો ગાંધીનગર ખાતેથી રાજયવ્યાપી શુભારંભ કરાવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ઉમેર્યું હતું કે, માનવજાતિ અનેક રોગો સામે લડી રહી છે. સમગ્ર વિશ્વમાં માનવજાતિના સારા સ્વાસ્થ્ય માટે અનેક કાર્યક્રમો અમલમાં છે. જેમ આપણે સમગ્ર દેશમાં પોલિયો વિરોધી ઝુંબેશ ચલાવી પોલિયો મુક્ત દેશ બનાવ્યો છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશને ટી.બી. મુક્ત બનાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કોઇ પણ રોગ સામેની ઝુંબેશમાં લોકોને તે રોગ માટેની સાચી માહિતી મળી રહે તે માટે લોક જાગૃતિના કાર્યક્રમ પણ મહત્વની ભૂમિકા અદા કરે છે. આજે લોક જાગૃતિના કારણે એચ.આઇ.વી રોગના દર્દીઓ સાથે પહેલા જેવો વ્યવહાર થતો નથી તેની દષ્ટાંતપૂર્વક વાત કરી હતી. આ પ્રોજેકટ થકી ગુજરાતને એચ.આઇ.વી મુક્ત બનાવી શકીશું તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પૂનમચંદ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ હોવાથી ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય અને અન્ય રાજયમાંથી મોટી સંખ્યામાં લોકો રોજગારી અર્થે ગુજરાતમાં આવે છે. જેથી ગુજરાતમાં એક લાખથી વધુ લોકો એચ.આઇ.વી સંભવિત દર્દીઓ હોવાનું માલૂમ પડ્યુ છે. આ રોગથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઘટી જવાથી દર્દીનું મૃત્યૂ થતું હોય છે, પણ હવે, આ રોગનો સામનો કરી શકે તેવી દવા ઉપલબ્ધ હોવાથી આ રોગના દર્દીઓ લાંબુ જીવતા થયા છે. એચ.આઇ.વી. છે કે નહિ તેનો ટેસ્ટ રાજયમાં માત્ર ૪ રૂપિયાના ખર્ચેથી થઇ શકે છે તેની વિસ્તૃત સમજ પણ તેમણે આપી હતી.

આરોગ્ય કમિશનર શ્રી જયંતિ રવિએ એચ.આઇ.વી. રોગની આંકડાકીય વિગત આપતાં જણાવ્યું હતું કે વર્ષ- ૨૦૧૫ના સર્વેનુસાર ગુજરાતમાં એચ.આઇ.વી. રોગ ધરાવતા ૧ લાખ ૬૬ હજાર દર્દીઓ છે. જ્યારે સમગ્ર દેશમાં ૨૧ લાખથી વધુ લોકો આ રોગનો ભોગ બન્યા છે. દર વર્ષે દેશમાં નવા ૭૫ હજારથી વધુ દર્દીઓ અને ગુજરાતમાં ૧૦,૫૮૯ એચ.આઇ.વી.ના દર્દીઓ ઉમેરાય છે. આ રોગના નિર્મૂલન માટેનો આ પરોજેકટ આશીર્વાદ રૂપ નિવડશે. રાજ્યમાં આ પ્રોજેકટ બે વર્ષ સુધી ચાલશે છે. અને પૂર્ણ થયા બાદ આ ગુજરાત મોડેલને દેશભરમાં લાગુ કરવામાં આવશે. જેથી નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશનના નેજા હેઠળ નેશનલ એઇડ્સ કંટ્રોલ પ્રોગ્રામના ૯૦-૯૦-૯૦ ના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકોને ઝડપી સિધ્ધ કરી શકાશે.

યુનાઇટેડ નેશનલ સંયુક્ત એઇડ્સ પ્રોગ્રામના ભારત ખાતેના ડાયરેકટર શ્રી ડૉ. બિલાલિ કામરાએ જણાવ્યું હતું કે , ગુજરાતએ મહાત્મા ગાંધીની ભૂમિ છે. જેમની આગેવાનીથી ભારત દેશને આઝાદી મળી છે. તે ભૂમિ પરથી આ પ્રોજેકટનો આરંભ કરવામાં આવ્યો છે. જેથી ભારત દેશને એચ.આઇ.વી. રોગ મુક્ત દેશ બનાવી શકીશું તેવો દૃઢ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. આ રોગને નાથવા માટે સૌના સાથની જરૂર હોવાનું અને લોક જાગૃતિ આવે તેવા કામ કરવાની જરૂર હોવાનું પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ પ્રસંગે યુનિસેફના ગુજરાત ખાતેના વડા શ્રી ડૉ. લક્ષ્મી ભવાની, નિકોના શ્રી ડૉ. નિકુલ સુબોય, યુએનએઇડ્સના ડૉ. મધુ શર્મા અને મશિન ડાયરેકટર શ્રી ગૌરવ દહિયાએ પણ પ્રાંસગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે યુ.બી.આર.એ.એફ.ની, એચ.આઇ.વી. અંગેની જાગૃતિ આપતી ૫૩ મહિલાઓની સ્ટાર ઓફ ધ ગ્રાઉન્ડ અને પ્રોજેકટની આયોજન નીતિની પુસ્તિકાનું નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઇ પટેલ અને મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યુ હતું.

આ સમારંભમાં આરોગ્ય વિભાગના એડીશનલ ડાયરેકટર શ્રી પરેશ દવે, અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક શ્રી એમ.એમ.પ્રભાકર સિહત આરોગ્ય અને પ્રોજેકટ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને કૌશિકભાઈ પટેલ સાથે ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેકચરીંગ એસોસીએશનની યોજાયેલી બેઠકમાં લેવાયેલો નિર્ણય

મીઠાની લીઝ રીન્યુ કરવાની પ્રક્રિયા સ્પષ્ટ કરતી માર્ગદર્શિકા વહેલાસર તૈયાર કરી સંબંધિત જિલ્લા કલેકટરોને તે અંગેની સૂચના મળી જશે. મીઠા ઉત્પાદનની જમીનનો ભાડાપટ્ટો તાજો કરવાની પ્રક્રિયા સ્પષ્ટ કરતી માર્ગદર્શિકા બહાર પડયા બાદ આ અંગેની સ્પષ્ટતા થતાં સાનૂકુળતા રહેશે તેવી લાગણી ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેકચરીંગ એસોસીએશનના હોદેદારોએ આજે મીઠા ઉદ્યોગ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં વ્યકત કરી હતી. મીઠા જમીન પરનો ભાડાપટ્ટો ૩૦ વર્ષ માટે તાજો કરવાનો અગાઉ જે નિર્ણય લેવાયેલ છે તેને આ બેઠકમાં એસોસીએશનના હોદેદારોએ આવકાર્યો હતો.

ઈન્ડિયન સોલ્ટ મેન્યુફેકચરીંગ એસોસીએશનના મીઠા ઉદ્યોગને લગતાં પ્રશ્નો અને તેના ઉકેલ માટે મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે ગાંધીનગર ખાતે એસોસીએશનના હોદેદારોની બેઠક બોલાવી હતી. રાજય સરકારના ૨૦૦૮ના જી.આર. મુજબ બિનખેતી કર ઉદ્યોગની જમીન પર ઉધરાવાય છે. આ અંગે એસોસીએશનને આ બેઠકમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, આવો બિનખેતી કર મીઠા ઉદ્યોગની જમીન પર લાગુ ન પડવો જોઈએ જો કે હાલમાં મહેસૂલ વિભાગ દ્વારા આ કર લેવાની પ્રક્રિયા મોકૂફ રખાઈ છે તે કાયમી ધોરણે રદ થાય તેવી એસોસીએશનના પદાધિકારીઓએ માગણી કરી હતી.

હાલમાં મીઠા ઉદ્યોગની ભાડાપટ્ટાની જમીનનો ભાડાપટ્ટો ૧૦ એકર સુધી તાજો કરવાની સત્તા જિલ્લા કલેકટરો પાસે છે તેની મર્યાદા વધારવામાં આવે તેવી પણ આ બેઠકમાં રજૂઆત કરાઈ હતી.

એસોસીએશનના દ્વારા રજૂ કરાયેલ પ્રશ્નો અંગે બંને મંત્રીશ્રીઓએ હકારાત્મક અભિગમ સાથે પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવા અને વાજબી ઉકેલની એસોસીએશનના પદાધિકારીઓને ખાતરી આપી હતી.

પોરબંદર જિલ્લામાં જળ સંચય માટે ૧૩૮ તળાવો અને ચેકડેમને ઉંડા ઉતારાશે

પોરબંદર, સમાજ શકિતને રચનાત્મક માર્ગે વાળી રાજય સરકારે જળ અભિયાનને જન અભિયાન બનાવવા હાકલ કરી તેમાં પોરબંદર જિલ્લો ખરા અર્થમાં સુજલામ-સુફલામ બનવા જઇ રહયો છે. પોરબંદર જિલ્લા વહીવટી તંત્રની ટીમે જિલ્લાની ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ, મંડળો, દૂધ સંઘ, તાલુકા ખરીદ વેચાણ સંઘ, ઉદ્યોગો, અગ્રણીઓ, વતનપ્રેમીઓ સાથે પરામર્શ અને સરકારશ્રીનો સંદેશો પહોંચાડી જળસંચય અભિયાનમાં આગેવાની લે તે માટે પ્રેરિત કરતા પોરબંદર જિલ્લામાં લોકભાગીદારી સાથે ગામના તળાવો ઉંડા કરી જળસંગ્રહ ક્ષમતા વધારવાના કાર્યો થઇ રહયા છે.

પાણીએ પ્રભુનો પ્રસાદ છે અને જિલ્લાને પાણીદાર બનાવવા, દરિયાના ખારા પાણીને આગળ વધતું અટકાવવા વરસાદી પાણીના સંગ્રહ માટે તળાવો, ચેકડેમો, વોકળાને ઉંડા ઉતારવા માટે જિલ્લાની ટીમે નક્કર આયોજન કર્યુ છે.

પોરબંદર જિલ્લામાં સુજલામ-સુફલામ જળ અભિયાન હેઠળ કુલ ૮૧૭ કામો હાથ ધરવામાં આવ્યા છે. જે પૈકી ડીસીલ્ટીગ કાંપ કાઢવાના ૧૩૮ કામો જેમાં એન.જી.ઓ./સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો, શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ૩૭, ખેડૂત ખાતેદારો દ્વારા કુલ-૨૬, વિભાગો દ્વારા કુલ ૩૪ અને નગરપાલિકા દ્વારા ૫ કામો હાથ ધરવામાં આવનાર છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા કુલ ૬૭૬ પીવાના પાણીની લાઇનોના એરવાલ્વ નિરીક્ષણ અને મરામતના કામો હાથ ધરવામાં આવ્યા છે.

પોરબંદર જિલ્લાના ૧૩૮ ડીસીલ્ટીગના કામો દ્વારા કુલ ૨,૪૦,૭૦૦ ઘનમીટર ખોદાણનો જથ્થો અને ખેડુતખાતેદારો દ્વારા ૨,૫૫,૦૦૦ ઘનમીટર ખોદાણના જથ્થાને ખેડુતોને ઉપાડવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. જેનાથી જળસંગ્રહમાં કુલ ૪,૯૫,૭૦૦ ઘ.મી.નું પુનઃસ્થાપન થશે.

જિલ્લામાં જળસંચયની કામગીરી ટીમ પોરબંદરે સંકલિત કરી છે. જેમાં જળસંપત્તિ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, વન પર્યાવરણ વિભાગ અને નગરપાલિકા દ્વારા આયોજન કરી એક મહિના સુધી ઝુંબેશ હાથ ધરવા પ્રતિબધ્ધતા વ્યકત કરવામાં આવી છે.

જળઅભિયાનમાં લોકો જોડાય તો સાચા અર્થમાં સફળતા મળતી હોય છે. જિલ્લાની એન.જી.ઓ., સંસ્થાઓ, શૈક્ષણિક ટ્રસ્ટો જેવા કે પોરબંદર કો.ઓ.બેંક અને નાગરિક સહકારી બેંક, ખેતીવાડી ઉત્પન બજાર સંઘ, પોરબંદર તાલુકા ખરીદ-વેચાણ સંઘ, શ્રી બી.એલ.જોશી ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર સીમેન્ટ કું. રાણાવાવ, લક્ષ્મણભાઇ ઓડેદરા, સાંદિપની ટ્રસ્ટ, વી.જે. મોઢા ટ્રસ્ટ સહીતની સંસ્થાઓએ લોકભાગીદારી નોંધાવી છે.

દિવ્યાંગ બાળકોમાં રહેલો આત્મવિશ્વાસ જ તેમના જીવનનું પ્રેરકબળ : આપણે સૌ તેમનું સન્માન કરીએ : રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી

સમાજમાં દિવ્યાંગ બાળકો-વિદ્યાર્થીઓમાં રહેલો આત્મવિશ્વાસ-ઉત્સાહ જ તેમના જીવનમાં સફળતા માટેનું સૌથી મોટું પ્રેરક બળ છે, આપણે સૌએ તેનું સન્માન કરવું જોઈએ તેમ આજે ગાંધીનગર ખાતે દિવ્યાંગ બાળકો માટેના 'આકાંક્ષા-ચલો કરે કુછ ખાસ' થીમ અંતર્ગત યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું.

રાજ્યપાલ શ્રી કોહલીએ સમાજમાં દરેક દિવ્યાંગ બાળકો નિયમિત શાળાએ જઈ શકતા નથી, તેવા બાળકોની કારકિર્દી માટે રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષા સંસ્થાન (N.I.O.S.) સાચા અર્થમાં આશીર્વાદ સમાન છે. આવા દિવ્યાંગ બાળકો N.I.O.S.ના માધ્યમથી પોતાની આકાંક્ષા-સપનાને પાંખો આપી ઉડાન ભરી શકે છે. N.I.O.S.ના માધ્યમથી સમગ્ર દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૮ લાખ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે જે એક અદભૂત સિદ્ધિ છે. કૃત્રિમ પગ વડે એવરેસ્ટ સર કરનાર દિકરી ડૉ. અરુણિમાસિંહા અને પ્રજ્ઞાચક્ષુ મહાન કવિ સંત સૂરદાસનું ઉદાહરણ આપી રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, દિવ્યાંગ બાળકોમાં કોઇ એક ખામીની સામે અન્ય ક્ષમતા વિશેષ હોય છે જેના બળ પર તે સિદ્ધિ પ્રાપ્ત કરે છે, તેમની આંતરિક શક્તિ જ તેમને સફળતા અપાવે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દિવ્યાંગ નામ આપીને તેમને વિશેષ સન્માન આપ્યું છે, તેમ કહી શ્રી કોહલીએ જણાવ્યું હતું કે, સમાજમાં રહેતા દિવ્યાંગોને સામાન્ય લોકો સાથે જોડવા જોઈએ. દિવ્યાંગ બાળકોમાં રહેલી ક્ષમતાને બહાર લાવવામાં N.I.O.S. અને જે.કે.લક્ષ્મી સિમેન્ટના પ્રયાસોને હું દિલથી આવકારૂં છું. દિવ્યાંગ બાળકો-વ્યક્તિઓ પ્રત્યે હકારાત્મક બનવા આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ તેવો અનુરોધ પણ રાજ્યપાલ શ્રી કોહલીએ સૌને કર્યો હતો.

N.I.O.S. y™u C.S.R. હેઠળ જે.કે.લક્ષ્મી સિમેન્ટના સંયુકત ઉપક્રમે ઈન્ફોસિટી ગાંધીનગર ખાતે યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના 'આકાંક્ષા' કાર્યક્રમમાં અલ્હાબાદ, બેંગલુરૂ, ભોપાલ, ચંદીગઢ, ચેન્નઈ, દિલ્હી, ધર્મશાલા, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, કોચી, પટણા, કોલકત્તા, પૂના, રાયપુર, રાંચી, વિશાખાપટ્ટનમ અને દહેરાદૂન ખાતે આવેલા વિવિધ રાજ્યોના પ્રાદેશિક N.I.O.S. સેન્ટરના કુલ ૨૧ દિવ્યાંગ બાળકોએ 'ચલો કરે કુછ ખાસ' ની થીમ પર અલગ અલગ આબેહૂબ અને હૃદયસ્પર્શી કૃતિઓ રજૂ કરી હતી. આ બદલ રાજ્યપાલશ્રીના હસ્તે તમામ બાળકોને સ્મૃતિચિન્હ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

N.I.O.S. ના અધ્યક્ષ ડૉ.ચંદ્રભૂષણ શર્માએ સ્વાગત પ્રવચન કરતાં કહ્યું હતું કે, માનવ સંશાધન વિકાસ મંત્રાલય અંતર્ગત આવેલી N.I.O.S. કોઇપણ શાળામાં કારણસર જઈ ન શક્યા હોય તેવા દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. દેશના વિવિધ સેન્ટરોના ૨૧ જેટલા અલગ અલગ કેટેગરીના દિવ્યાંગો દ્વારા માત્ર ૩૬ કલાકના ઓછા સમયમાં આ સમગ્ર કાર્યક્રમ રજૂ કરાયો છે જે એક સિદ્ધિ છે.

N.I.O.S. ના સચિવ શ્રી ધારૂમણીએ કાર્યક્રમના અંતે સહયોગ આપનાર તમામનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે N.I.O.S. ના ચેરમેન શ્રી પ્રો. સી. બી. શર્મા, ઈન્ફર્મેશન એન્ડ લાયબ્રેરી નેટવર્ક સેન્ટરના ડાયરેકટરશ્રી, જે.કે.લક્ષ્મી સિમેન્ટના પ્રતિનિધિ, સમગ્ર દેશમાંથી આવેલા N.I.O.S. સેન્ટરના ફેકલ્ટીઝ, દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ જિલ્લાના રામણદા ગામે મુખ્યમંત્રીશ્રી તળાવ ઉંડા કરાવનો પ્રારંભ કરાવ્યો

પાટણ તાલુકાના રામણદા ગામે તળાવ ઉંડા કરવાનો પ્રારંભ કરાવતા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ સુજલામ સુફલામ જળ સંચય અભિયાન દેશનું સૌથી મોટુ જળસંચય અભિયાન બની રહ્યુ છે. ત્યારે જળસંચયના આ અભિયાનમાં લોકોએ સો કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ૧૧ તળાવો ઉંડા કરવા માટે ૧૧ જે.સી.બી.ને રામણદા ગામથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં પાણીની સમસ્યા હવે ભુતકાળ બની જશે અને ગુજરાત પાણીદાર ગુજરાત બનશે. આ પ્રસંગે રામણદા ગામે પોતાના લગ્ન માટે જાન લઇ જઇ રહેલા યુવાન શ્રી રવિરાજે રામણદા તળાવમાં શ્રમદાન કર્યું હતું. પછી લગ્ન મંડપમાં ગયા હતા તે માટે રવિરાજને ખાસ જાહેરમાં અભિનંદન આપી બિરદાવ્યા અને મુખ્યમંત્રીશ્રી આને પ્રેરણાદાયી કામ ગણાવી આમાંથી પ્રેરણા લેવા સૌને જણાવ્યું હતું જળ અભિયાનને ઇશ્વરીય કાર્ય છે તેમાં જનઅભિયાન જોડાય તે માટે અપીલ કરી હતી.

તેમણે જણાવ્યું કે જળસંચયના આ અભિયાનમાં દરેક જિલ્લાને જળસંચય માટે લક્ષ્યાંક આપવામાં આવ્યો છે તે પ્રમાણે કામ થઇ રહ્યું છે. સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તેમજ સરકારના વિવિધ વિભાગોના સહયોગથી સમગ્ર રાજ્યમાં તળાવો ઉંડા કરવા, નદીઓને પુનઃજીવિત કરવી, નર્મદા યોજનાની કેનાલોની સફાઇ, ચેકડેમોની સફાઇ જેવી જળસંચયની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યભરમાં જળસંચય અભિયાનને વ્યાપક આવકાર મળી રહ્યો છે ત્યારે સૌ કોઇને યથાશક્તિ યોગદાન આપવા અપીલ કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તળાવ ઉંડુ કરવાની કામગીરીથી ખેડૂતોને બેવડો ફાયદો થઇ રહ્યો છે. તળાવની જળસંગ્રહ શક્તિ વધશે તેની સાથે ખોદકામ દરમિયાન નીકળતી ફળદ્રુપ માટી ખેડૂતો ટ્રેકટરો મારફત પોતાના ખેતરમાં લઇ જાય છે. જેથી જમીનની ફળદ્રુપતા વધશે. તળાવ ઉંડુ થતાં ખેડૂતો પૂરતા પ્રમાણમાં સિંચાઇનું પાણી મળશે. વધુમાં ખોદકામ દરમિયાન નીકળતો કાંપ આ વિસ્તારના ખેડૂતો પોતાના ખેતરમાં નાખે છે. જેથી જમીનની ફળદ્રુપતા વધવા સાથે પાક ઉત્પાદનમાં વધારો થશે.

પાણી જ વિકાસનો આધાર છે અને પૂરતું પાણી એ વિકાસની પૂર્વ શરત છે એવી લાગણી વ્યતકત કરતાં મુખ્યજમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પાણીના ટીપેટીપાંને સંઘરવાની જરૂરને અનુલક્ષીને સમગ્ર ગુજરાતમાં ધર્મકિત અને જનશક્તિના સહયોગથી એક મહિનાનું સુજલામ સુફલામ જળસંચય અભિયાન પૂરજોશમાં આગળ વધી રહયું છે. આ અભિયાનમાં સંતો-મહંતો, સંસ્થાઓ અને લોકોએ તન, મન અને ધન થી સહયોગ આપ્યોમ છે. તેના ભાગરૂપે ૧૧ હજાર લાખ ઘનફુટ માટીનું ખોદકામ કરી જળસંગ્રહશક્તિ વધારાશે, ૧૩ હજાર જેટલા તળાવો ઉંડા કરવાની સાથે નદીઓ અને કાંસો, નહેરોની સફાઇ, ખેત તલાવડીઓ બનાવવી અને ઉંડાઇ વધારવી જેવા કામો હાથ ધરવામાં આવ્યાઅ છે. આ અભિયાન હેઠળ જળસંગ્રહની ક્ષમતા વધારતા કામો માટે ૪૦૦૦ થી વધુ જે.સી.બી., ૧૦ હજારથી વધુ ટ્રેકટર્સ અને યાંત્રિક સાધનોની મદદ લેવામાં આવી રહી છે તેવી જાણકારી આપતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ધાર્મિક અને શિક્ષણ સંસ્થાઓ, સમાજસેવી સંસ્થાઓ, યુવક મંડળો ઇત્યાદીનો તેમાં અભૂતપૂર્વ સહયોગ મળી રહયો છે અને લોકનજર હેઠળ સંપૂર્ણ પારદર્શક કામગીરી થઇ રહી છે.

રાજ્યભરમાં જળસંગ્રહ માટે હાલ 'સુજલામ સુફલામ જળ અભિયાન' અંતર્ગત ગામેગામ તળાવો ઉંડા કરવાની કામગીરી થઇ રહી છે. આ કામગીરીમાં તંત્રને પ્રેરણા આપવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આજે પાટણ તાલુકાના રામણદા ગામે તળાવ ઉંડુ કરવાની કામગીરીમાં શ્રમદાન કર્યું હતું. તેમણે નાગરિકોને પાણીની પ્રત્યેક બૂંદનું મૂલ્ય સમજીને આ ચોમાસામાં મહત્તમ જળનો સંગ્રહ કરવાનો અનુરોધ કર્યો હતો.

પાટણ જિલ્લામાં ૧૦૨ તળાવો ઉંડા કરવા, ૨૯ ચેકડેમો, મનરેગા હેઠળ ૬૯ તળાવો અને નર્મદા યોજના તળે ૮૬૫ લાખના ખર્ચે નહેરોની સફાઇ થવાની છે. જિલ્લામાં રૂપેણ નદીને રૂ.૩૩.૨૬ લાખના ખર્ચે પુનજીવીત કરવાની છે તેની વિગતો તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીનું વિવિધ સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, સંગઠનો, ગ્રામજનો દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. જળસંચયના કામો માટે દરેક ઘરમાંથી રૂ.૦૧નો સંગ્રહ કરી રૂ.૬૧,૦૦૦ જળસંચય માટે ચાર ધનકુંભ મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યા. રામણદાના વતની શ્રી લગધીર દેસાઇએ રૂ.૨૫,૦૦૦નો ચેક કન્યા કેળવણી નિધીમાં મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો મુખ્યમંત્રીશ્રીએ રૂ.૬૧,૦૦૦ રૂપિયા જળસંચય માટે જિલ્લા કલેકટરને અર્પણ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત રાજ્ય સ્તરે હોકીની રમતમાં સરસ્વતી તાલુકા ઉંદરા ગામની બહેનો દ્વારા કરાયું હતું.

કાર્યક્રમમાં જી.આઇ.ડી.સીના ચેરમેન બળવંતસિંહ રાજપૂતે અને અગ્રણી કે. સી. પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. જળસંચય અભિયાન કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી આનંદ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમમાં સાંસદ શ્રી લીલાધર વાઘેલા, અગ્રણી કે.સી.પટેલ, મયંક નાયક, જુગલજી ઠાકોર, મોહનભાઇ પટેલ, મહંતશ્રી ભારતીબાપુ, હજ કમિટીના ચેરમેન મહંમદ હુસેન કાદરી, પુર્વ ધારાસભ્ય રણછોડભાઇ દેસાઇ, ભાવેશ પટેલ, સ્નેહલ પટેલ, દશરથજી ઠાકોર, ભરતભાઇ રાજગોર જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજ્યગુરૂ, જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Owner : Kalyani Pub. PVT. LTD., Place of Pub: 37/A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19 Owner: Kalyani Pub. Pvt. Ltd.